સ્વર્ણિમપાર્ક-પંચામૃત ભવન નગરની ઓળખ બનશે

ડિઝાઈન આખરી કરવા ટૂંકમાં પ્રેઝન્ટેશન કરાશે : સ્વર્ણિમ પાર્કના આખરી આયોજન બાદ અન્ડરપાસ બનાવવાના મામલે પુનઃ વિચારણા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૧

સ્વર્ણિમ પાર્ક તેમજ પંચામૃત ભવનના નિર્માણ માટે ઉચ્ચકક્ષાએ કમિટી સમક્ષ ટુંકમાં પ્રેઝન્ટેશન કરવામાં આવશે. ત્યારબાદ સ્વર્ણિમ પાર્કના બીજા તબક્કાની કામગીરીની ડીઝાઈન આખરી થશે. જ્યારે ઘ-૪ થી મહાત્મા મંદિર સુધીની કામગીરી બાદ પાર્કના નિર્માણ માટે હવે ઘ-૪ થી ચ-૪ તરફ કામ હાથ ધરાશે. ત્યારબાદ શહેરના મુખ્યમાર્ગ પર અન્ડરપાસ બનાવવાની કાર્યયોજના સંદર્ભે વિચારણા હાથ ધરાશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્ક તરફ નગરજનોની મીટ મંડરાઈ છે. સ્વર્ણિમપાર્કને નિખારવા પ્રથમ તબક્કામાં કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જે અન્વયે ઘ-૪ થી ગ-૪ વચ્ચેના બેલ્ટમાં હરિયાળી લોન અને પ્લાન્ટેશન વચ્ચે ફૂડકોર્ટ સહીતના અનેક આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે. શહેરના મુખ્ય ત્રણ 'ઘ', 'ચ' અને 'ગ' માર્ગને જોડતી આ યોજનાના લીધે પાટનગરની આગવી ઓળખ ઉભી થઈ છે. સ્વર્ણિમપાર્કને અનુલક્ષી ઘ-૪ થી ગ-૪ વચ્ચેની કાર્યયોજનાનું મોટાભાગનું કામ પૂર્ણ કરી દેવાયું છે. ત્યારે ઘ-૪ થી ચ-૪ વચ્ચે પાર્કની રોનક નિખારવા તંત્ર દ્વારા મથામણ હાથ ધરવામાં આવી છે. આ માટે તજજ્ઞો દ્વારા વિવિધ ડીઝાઈન તૈયાર કરવામાં આવી છે. સ્વર્ણિમ પાર્કના બીજા તબક્કાની કામગીરી પાછળ રૂ. ૩૯ કરોડનો ખર્ચ થવાનો છે ત્યારે આગામી દિવસોમાં ઉચ્ચકક્ષાએ રચાયેલી કમિટી સમક્ષ સમગ્ર કાર્યયોજનાનું પ્રેઝન્ટેશન થયા બાદ ડીઝાઈન આખરી થશે. આ તબક્કે પંચામૃતભવનના નિર્માણનું કામ હાથ ધરવા પણ પ્રેઝન્ટેશન કરવામાં આવશે. શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્વર્ણિમપાર્ક નવા નજરાણા સમાન બન્યો છે ત્યારે ગ-૪ થી ચ-૪ વચ્ચેના બેલ્ટમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કને લઈ શહેરના મુખ્ય માર્ગો પર અન્ડરપાસ બનાવવા પણ અગાઉ વિચારણા હાથ ધરવામાં આવી હતી. જો કે સ્વર્ણિમ પાર્કના નિર્માણ બાદ શહેરના મુખ્યમાર્ગ પર અન્ડરપાસ બનાવવાની યોજના સંદર્ભે વિચારણા હાથ ધરવામાં આવશે તેમ પણ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

ઉપર આભ અને નીચે ધરતી - આજકાલ ગરમીના દિવસોમાં શ્રમજીવી પરિવારોના હાલ, બેહાલ બને છે.... પુરું છત્ર પણ ન હોય એવા તંબુ જેવા હંગામી ઝુંપડામાં રહેવાનું હોય... આકાશમાંથી અગનવર્ષા થતી હોય... ત્યારે શ્રમજીવી પરિવાર કફોડી હાલતમાં મુકાય છે... ધરતી ધગધગતી હોય, આકાશમાંથી અગગોળા વરસતા હોય ત્યારે ક્યાં બેસવું અને ક્યાં સુવું?ની મુંઝવણ અનુભવતું શ્રમજીવી પરિવાર માત્ર ભગવાન ભરોસે ગરમીના દિવસો પસાર કરે છે.... પાણીની પરબમાંથી ઠંડુ પાણી આજકાલ આશીર્વાદરૂપ બની રહ્યું છે... શ્રમીકો માટે ઠંડા પાણીની પરબ વૉટરકુલરની ગરજ સારે છે... અને વેકેશનની મજા માણતા નગરના બાળકો પણ ક્યારેક ક્યારેક રમતો રમતાં-રમતાં આ ઠંડા પાણીની પરબમાંથી પાણી પીને ગરમીમાં રાહત અનુભવે છે...
(તસવીર : દિપક જાની)

પાણી-ગટરના બાકી માંગણા પેટે દસ લાખ વસુલ્યા

વર્ષો જૂના બાકી માંગણા પેટે તંત્રના ચોપડે ૫૦ લાખ બાકી

ગાંધીનગર, તા. ૨૧

શહેરમાં પાણી-ગટર વસુલાતક્ષેત્રે વર્ષો જૂના બાકી માંગણાની સ્થિતિમાં કોઈ ખાસ સુધાર લાવી શકાયો નથી. અલબત્ત વર્ષ ૨૦૧૩-૧૪ની એડવાન્સ વસુલાત ઝુંબેશના અંતે પણ હજુ બીલના ઉઘરાણા બાકી છે ત્યારે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામો વસુલાતના ચોપડામાંથી હજુ જાણે બાકાત છે.

શહેરમાં જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી જૂના બાકી માંગણા અન્વયે રૂ. ૧૦ લાખની વસુલાત કરવામાં આવી છે. જ્યારે શહેરમાં હજુ જૂના માંગણા પેટે રૂ. ૫૦ લાખનું ઉઘરાણું બાકી છે.

શહેરમાં પાણી-ગટરની પાયાની જરૂરિયાત સંતોષવા પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ સરકાર ઉઠાવે છે. પરંતુ પાણી-ગટર વેરાની વસુલાત પેટે તંત્ર દ્વારા ઉઘરાવાતા વેરાની મામુલી રકમ ભરપાઈ કરવામાં નાગરિકો નિરસતા દાખવતા વર્ષોજૂની બાકી વસુલાતનું માંગણું રૂ. ૫૦ લાખથી વધુ હોવાનું ધ્યાને મળ્યું છે. ગત માર્ચ મહીનામાં શહેરી વિસ્તારના ૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી પાણી ગટર વેરો ઉઘરાવવા તંત્ર દ્વારા ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૩-૧૪ની એડવાન્સ વસુલાતની આ ઝુંબેશ અન્વયે માત્ર ૬૫ ટકા કામગીરી જ થઈ હોવાનું ધ્યાને આપ્યું છે. જો કે હજી બીલની રકમ સંદર્ભે સંબંધિત એજન્સી કક્ષામાં ડેટા એન્ટ્રીનું કામ પૂર્ણ ન થયું હોવાથી બાકીદારોની સંખ્યાનો ચોક્કસ તાગ મળી શક્યો નથી. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામો ઉપરાંત જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી વસુલાતની રકમ ન મળતા વર્ષોથી તંત્રના ચોપડે જૂના માંગણા પેટે લાખો રૂપિયા ચઢી ગયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી બાકી માંગણા અન્વેય રૂ. ૧૦ લાખની વસુલાત કરવામાં આવી છે. જ્યારે આગામી દિવસોમાં વસુલાતક્ષેત્રે બાકીદારોનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ નોટીસ આપવામાં આવશે.

પેટા ચૂંટણીઓ બાદ ભાજપ સંગઠન માળખામાં બાકી નિમણુંકો કરાશે

ગાંધીનગર, તા. ૨૧

પ્રદેશ ભાજપ સંગઠન માળખામાં બાકી નિમણુંકોની પ્રક્રિયા પેટા ચૂંટણીઓ બાદ પૂરી કરવામાં આવશે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે આર. સી. ફળદુને ફરીને રીપીટ કરવામાં આવ્યા બાદ પ્રદેશ સંગઠન માળખાની પુનઃરચના કરવામાં આવી હતી જેમાં ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રીઓની કુલ જગ્યાઓ પૈકીની ૧૨ જેટલી જગ્યાઓ પર નિમણુંકો બાકી રાખવામાં આવી હતી.

એપ્રીલ માસના અંતમાં પ્રદેશ સંગઠન માળખાની પુનઃ રચના પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવનાર હતી. જોકે પેટા ચૂંટણીઓ જાહેર થતાં બાકી નિમણુંકો કરી શકાઈ નથી જે હવે પેટા ચૂંટણીઓ બાદ પૂર્ણ કરવામાં આવશે.

ગુજરાતનીબે લોકસભા બેઠક અને ચાર વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીઓ ૨જી જૂનના રોજ યોજાનાર છે. પ્રદેશના તમામ નેતાઓ હાલ પેટા ચૂંટણીઓના ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે જ્યારે મુખ્યમંત્રી પણ અન્ય રાજ્યોના પ્રવાસમાં વ્યસ્ત છે. આથી બાકી નિમણુંકો પેટાચૂંટણીઓ પછી કરવાનું પ્રદેશ નેતાગીરીએ નક્કી કર્યું છે.

પેટા ચૂંટણીઓ બાદ સંગઠન માળખાની બાકી નિમણુંકો કરવામાં આવશે જેમાં પેટા ચૂંટણીમાં જે બેઠકો પર ભાજપને વિજય મળશે તે જીલ્લાને સંગઠન માળખામાં પ્રતિનિધિત્વ આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પેટા ચૂંટણીઓ બાદ સંગઠન માળખામાં બાકી નિમણુંકો ઉપરાંત બોર્ડ - નિગમોમાં ચેરમેનો અને ડિરેક્ટરોની નિમણુંકો અંગેની પ્રક્રિયાઓ પણ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ માટે સરકાર અને સંગઠનના આગેવાનો સાથે પરામર્શ અને વિશ્વાસમાં રહીને બોર્ડ - નિગમોમાં જીલ્લાના આગેવાનો, કાર્યકરોને ચેરમેન, ડીરેક્ટર તરીકે સ્થાન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પેટા ચૂંટણીઓ બાદ બોર્ડ - નિગમ ઉપરાંત રાજયમંત્રી મંડળનું વિસ્તરણ કરીને કેટલાક ધારાસભ્યોને મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

આજે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં અર્ધઅછતની સ્થિતિની સમીક્ષા કરાશે

ગાંધીનગર, તા. ૨૧

રાજ્ય મંત્રીમંડળની આવતીકાલે મળનારી બેઠકમાં રાજ્યના અર્ધઅછતગ્રસ્ત વિસ્તારોમાં અછતની સ્થિતિ અને કરવામાં આવી રહેલી કામગીરીની તેમની પીવાના પાણીની સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચાલુ વર્ષે રાજ્યમાં અપૂરતા વરસાદને કારણે રાજ્યના અંદાજે ત્રણ હજાર જેટલા ગામડાઓમાં અર્ધઅછત જાહેર કરવામાં આવી હતી અને આ વિસ્તારોમાં પીવાના પાણીની સુવિધા ઉપરાંત અછતના કામો શરૂ કરવામાં આવ્યા હતા.

આજે મહેસૂલ મંત્રીના અધ્યક્ષ સ્થાને મંત્રીઓની એક બેઠક મળી હતી જેમાં અર્ધ અછત વિસ્તારોમાં અછતની કામગીરી તેમજ સ્થિતિ અંગે પીવાના પાણીની સ્થિતિ શું છે. આ વિસ્તારોમાં પીવાનું પાણી પુરતા પ્રમાણમાં પહોંચાડવામાં આવે છે કે નહિ તે અંગેની સમીક્ષા કરવામાં આવી હતી.

આ ઉપરાંત રાજ્યના જળાશયોમાં પાણીનો કેટલો જથ્થો છે. આગામી ચોમાસુ બેસે ત્યાં સુધી પાણીનો જથ્થો ચાલી શકે તેમ છે કે નહી તે અંગે પણ ચર્ચા - વિચારણા

● અનુસંધાન પાન-૭ પર

લોકસભાની ચૂંટણી લડવા માટે પણ ભાજપ ધનદાન ઉઘરાવશે

અમદાવાદ,તા. ૨૧

વિધાનસભાની ચૂંટણીના ખર્ચને પહોંચી વળવા ગુજરાત ભાજપે પ્રજા સહયોગ સાથે રૂ. ૫૦૦ કરોડનું ધનદાન એકઠું કર્યું હતું તે જ પ્રમાણે લોકસભાની આગામી ચૂંટણીમાં પણ ગુજરાત ભાજપ દ્વારા ધનદાન ઉઘરાવવામાં આવશે.

તાજેતરમાં યોજાયેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ દ્વારા પ્રજાના સહયોગ સાથે ચૂંટણીખર્ચને પહોંચી વળવા ધનદાન અભિયાન શરૂ કર્યું હતું. આ ધનદાન અભિયાન દરમિયાન ભાજપે વિવિધ ઉદ્યોગપતિઓ, વેપારીઓ સહિતના લોકો પાસેથી ધનદાન ઉઘરાવ્યું હતું. આ ધનદાન અભિયાનમાં ભાજપે આશરે રૂા. ૫૦૦ કરોડથી વધુ રકમ એકઠી કરી હતી જે રકમના આધારે ભાજપે વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું અને ગુજરાતમાં સત્તા હાંસલ કરી હતી. વિધાનસભાની ચૂંટણી પેટર્ન મુજબ જ લોકસભાની આગામી ચૂંટણીમાં પણ ભાજપ દ્વારા ધનદાન અભિયાન શરૂકરીને કરોડો રૂપિયા એકઠા કરવા માટે ની વ્યુહરચના ઘડવામાં આવી હોવાનું જાણવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત ભાજપ દ્વારા અગાઉ વિવિધ ચૂંટણીઓમાં પક્ષના જ કાર્યકરો અને સમર્થકોના માધ્યમથી ધનદાન એકઠું કરવામાં આવતું હતું અને આ ધનરાશિના માધ્યમથી જ ચૂંટણી ખર્ચ કરવામાં આવતો હતો, પરંતુ ગુજરાતમાં નરેન્દ્ર મોદીનું શાસન આવ્યા બાદ પ્રજાના સહયોગ સાથે ચૂંટણી લડવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતું તે મુજબ વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ધનદાન અભિયાન શરૂ કરવામાં આવે છે.

ભાજપના ધનદાન અભિયાન દરમિયાન મોટા બીલ્ડરો અને ઉદ્યોગપતિઓ સહિત નાના વેપારીઓ પાસેથી પણ ધનદાન ઉઘરાવવામાં આવતું હોય છે. ગત ધનદાન અભિયાન દરમિયાન ભાજપના કેટલાંક કોર્પોરેટરો અને ધારાસભ્યો દ્વારા બળજબરીથી નાણા ઉઘરાવવામાં આવ્યા હોવાની અનેક ફરિયાદો ઉઠવા પામી હતી તો કેટલાક ભાજપના આગેવાનોએ ધનદાનને ઘરભેગું કર્યું હોવાના પણ આક્ષેપો કરવામાં આવ્યા હતા.

તીવ્ર ગરમીનું મોજુ ફરી વળ્યુ છે ત્યારે અથાણા માટેની કાચી કેરી બજારમાં આવી જતા ખરીદી માટે પડાપડી શરૂ થઈ ગઈ છે.

શાળા નહીં છોડવા વિદ્યાર્થીઓને દબાણ કરતા સંચાલકો સામે પગલા લેવાશે

ધો. ૧૦ના પરિણામ બાદ શાળામાં એડમિશન તેમજ શાળા નહીં છોડવા વિદ્યાર્થીઓ પર દબાણ થતુ હોય છે

ગાંધીનગર, તા. ૨૧

શાળામાં એડમીશન લેવા તેમજ શાળા નહીં છોડવા માટે વિદ્યાર્થીઓને દબાણ કરનારા શાળા સંચાલકો સામે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પગલા લેવાશે.

બોર્ડ પરીક્ષાના પરિણામો તબક્કાવાર જાહેર થઈ રહ્યા છે. જ્યારે આગામી મહીનામાં પણ ધો. ૧૦ની બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર થશે. પરિણામના અંતે શહેરની કેટલીક શાળાઓ દ્વારા રેન્કર વિદ્યાર્થીઓને પોતાની શાળામાં ખેંચી જવા માટે લોભામણી સ્કીમ ઓફર કરવામાં આવતી હોય છે. જ્યારે સંબંધિત શાળાઓ દ્વારા પણ સ્કૂલમાં એડમીશન લેવા વગર શાળા નહીં છોડવા માટે પણ વિદ્યાર્થીઓને દબાણ થતુ હોય છે. વિવિધ ૩ સ્કૂલો પણ રેન્કર વિદ્યાર્થીઓને પોતાની સ્કૂલમાં ખેંચી જવા પ્રયાસ કરે છે. આવા સંજોગોમાં આગળ અભ્યાસ માટે સામાન્ય વિદ્યાર્થીઓએ પણ અસમંજસ ભરી સ્થિતિમાં મુકાવવું પડે છે. વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના દબાણ વગર પોતાની ગમતી શાળામાં અભ્યાસ કરી શકે તેમજ શાળા સંચાલકો દ્વારા કોઈ ડનડગત ન થાય તે માટે જિલ્લા શિક્ષણતંત્ર કક્ષાએ કોઈ ફરિયાદ થશે તો ત્વરિત પગલા લેવાશે. જિલ્લા શિક્ષણાધિકારી વિનયગીરી ગોસાઈએ આ અંગે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ કે વાલીઓ દ્વારા આવી કોઈ રજૂઆત થશે તો સંબંધિત શાળાના સંચાલકો સામે પગલા લેવાશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA
ફોન : (ઓ.) ૨૩૨૬૧૬૬૩, ૩૨૦૬૫૫૨૨, ૨૩૨૨૦૦૭૭, મો. : ૯૪૨૬૫ ૭૬૫૨૨,

Sleek
THE KITCHEN SPECIALIST
Now, you can double your kitchen storage!
RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11, Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740

અલ્ટ્રાટેક
VIRAT TMT BARS
UTKARSH
શ્રી વેશ્રી ટ્રેડર્સ

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.
ફક્ત ફોન કરો ૨ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬

અવસર
Feelings
Video - Photo
vivify

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ઓકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com